RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૬૧૮ તા.૯–૨–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાલા
સામાવાળા :– ડે.કમિશ્નર અને ત.જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન), કાર્યપાલક ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન), વીજીલન્સ એન્ડ. ઈન્સ્પે. ઓફિસર અને ત. જાહેર માહિતી અધિકારી(વીજીલન્સ વિભાગ)

## ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળાની તા. ૨૧–૧૨–૧૧ની અરજીથી મનપા દ્વારા કે વિજીલન્સ સ્કોર્ડ દ્વારા કઈ કંપની ઉપર શું કાર્યવાહી કરવામાં આવી તે બાબતે મુદ્દા નં.(૧) ભાતપોર, સુરત હજીરારોડ, સુરત–૩૯૪૫૧૮ ઉપર આવેલી ઓએનજીસી કંપની ઉપર છેલ્લા પાંચ વર્ષમાં સુરત મહાનગરપાલિકા દ્વારા કેટલીવાર અને કઈ કઈ બાબતે દંડ વસુલવામાં આવ્યો છે ? દરેકની પ્રમાણિત નકલ આપવી(૨) ગેલ કંપની ઉપર છેલ્લા પાંચ ર્ષમાં સુરત મહાનગરપાલિકા દ્વારા કેટલીવાર અને કઈ કઈ બાબતે દંડ વસુલવામાં આવ્યો છે ? દરેકની પ્રમાણિત નકલ આપવી વિ.મુદ્દા નં. (૧) થી (૮)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૯–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૧૮/૨૦૧૧–૧૨

શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળાની તા. ૨૧–૧૨–૧૧ની અરજીથી મનપા દ્વારા કે વિજીલન્સ સ્કોર્ડ દ્વારા કઈ કંપની ઉપર શું કાર્યવાહી કરવામાં આવી તે બાબતે મુદ્દા નં.(૧) ભાતપોર, સુરત હજીરારોડ,સુરત–૩૯૪૫૧૮ ઉપર આવેલી ઓએનજીસી કંપની ઉપર છેલ્લા પાંચ વર્ષમાં સુરત મહાનગરપાલિકા દ્વારા કેટલીવાર અને કઈ કઈ બાબતે દંડ વસુલવામાં આવ્યો છે ? દરેકની પ્રમાણિત નકલ આપવી(૨) ગેલ કંપની ઉપર છેલ્લા પાંચ વર્ષમાં સુરત મહાનગરપાલિકા દ્વારા કેટલીવાર અને કઈ કઈ બાબતે દંડ વસુલવામાં આવ્યો છે ? દરેકની પ્રમાણિત નકલ આપવી વિ.મુદ્દા નં. (૧) થી (૮)ની માહિતી આપવા બાબતે વીજીલન્સ વિભાગ તરફથી કોઈ જવાબ મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૯–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા નિર્દિષ્ટ કંપની બધી જ મનપાના કાર્યવિસ્તાર અને ફરજક્ષેત્ર સ્કોપ ઓફ વર્કમાં આવરી લેવાયેલ છે ? કયારથી ? દફતરી નકલ સહ સ્પષ્ટતા કરવા તથા વિજીલન્સ એન્ડ.ઈન્સ્પે.ઓફિસરને યોગ્યતે દફતરી માહિતી પણ સ્પષ્ટ કરવા** પત્ર નં. ૧૭૮૩ તા. ૧૭–૨–૧૨થી જાહેર માહિતી અધિકારી તથા અરજદારને છેલ્લા પાંચ વર્ષ દરમ્યાનથી નિર્દિષ્ટ બધી જ કંપની સુરત મહાનગરપાલિકાના કાર્યક્ષેત્ર હેઠળ હોવાના કોઈ આધાર હોય તો રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને મ. જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર વેસ્ટઝોન તરફથી પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૧૧૨૬ તા. ૨–૩–૧૨થી તથા પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૮૮૦ તા. ૨૮–૧૨–૧૧થી મ. જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી અઠવાઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, મ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન દ્વારા પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૭૭૭ તા. ૨૨–૨–૧૨ થી રાંદેરઝોન અને વીઆઈઓને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગેના પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ/૯૨૬ તા. ૯–૨–૧૨ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં. સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ/૧૬૨૧ તા. ૨૯–૨–૧૨થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મૂળ અરજીની નકલ, વેસ્ટઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, સેન્ટ્રલઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગેના પત્ર નં. સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ/આ.નં./૧૧૧૦ તા. ૫–૧–૧૨ના પત્રની નકલ, એકનોલેજમેન્ટની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી વીજીલન્સ વિભાગ તરફથી પત્ર નં. વી.આઈ.ડી/ ૨૨૬૬ તા. ૨૪–૨–૧૨થી પૂરક વિગતોમાં સેન્ટ્રલઝોનના તબદીલ થયેલ પત્રની નકલ, અરજદારની મૂળ અરજીની નકલ, ફી ભર્યાની નકલ, એકનોલેજમેન્ટની નકલ,

પત્ર નં. વી.આઈ.ડી/૧૮૧૮ તા. ૨૭–૧૨–૧૧થી અઠવાઝોનને તબદીલ કરેલ પત્રની નકલ અત્રે મળેલ તથા અરજદાર તરફથી પૂરક વિગતોમાં તા. ૨–૩–૧૨નો પૂરક પત્ર અત્રે મળેલ છે.

અરજદારની તા. ૨૧–૧૨–૧૧ની અરજીથી મનપા દ્વારા કે વીજીલન્સ સ્કોર્ડ દ્વારા કઈ કંપની ઉપર શું કાર્યવાહી કરવામાં આવી તે બાબતની માહિતી માંગતી અરજી મ. જાહેર માહિતી સુરત મહાનગરપાલિકાને સંબોધતી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૭૭૭ તા. ૨૨–૧૨–૧૧થી નિયત સમય અવધિમાં કાર્યપાલક ઈજનેર રાંદેર ઝોન અને વીજીલન્સ ઓફિસરને તબદીલ કરવામાં આવેલ. વીજીલન્સ ઓફિસર તરફથી પત્ર નં. વી.આઈ.ડી/૧૮૧૮ તા. ૨૭–૧૨–૧૧થી નિયત સમય અવધિમાં કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને તબદીલ કરવામાં આવેલ. વેસ્ટઝોન તરફથી મ. જાહેર માહિતી અધિકારી પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈસેલ/૮૮૦ તા. ૨૮–૧૨–૧૧થી નિયત સમય અવધિમાં જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને તબદીલ કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.(૧) ભાતપોર, સુરત હજીરારોડ, સુરત–૩૯૪૫૧૮ ઉપર આવેલી ઓએનજીસી કંપની ઉપર છેલ્લા પાંચ વર્ષમાં સુરત મહાનગરપાલિકા દ્વારા કેટલીવાર અને કઈ કઈ બાબતે દંડ વસુલવામાં આવ્યો છે ? દરેકની પ્રમાણિત નકલ આપવી(૨) ગેલ કંપની ઉપર છેલ્લા પાંચ વર્ષમાં સુરત મહાનગરપાલિકા દ્વારા કેટલીવાર અને કઈ કઈ બાબતે દંડ વસુલવામાં આવ્યો છે ? દરેકની પ્રમાણિત નકલ આપવી (૩) એસ્સાર ઈન્ડસ્ટ્રીઝ લી., સુરત હજીરારોડ, હજીરા, સુરત–૩૯૪૨૭૦ કંપની ઉપર છેલ્લા પાંચ વર્ષમાં સુરત મહાનગરપાલિકા દ્વારા કેટલીવાર અને કઈ કઈ બાબતે દંડ વસુલવામાં આવ્યો છે ? દરેકની પ્રમાણિત નકલ આપવી. (૪) રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી.કંપની ઉપર છેલ્લા પાંચ વર્ષમાં સુરત મહાનગરપાલિકા દ્વારા કેટલીવાર અને કઈ કઈ બાબતે દંડ વસુલવામાં આવ્યો છે ? દરેકની પ્રમાણિત નકલ આપવી. (૫)એસ્સાર સ્ટીલ લી.,સુરત હજીરા રોડ, હજીરા,સુરત–૩૯૪૨૭૦ કંપની ઉપર છેલ્લા પાંચ વર્ષમાં સુરત મહાનગરપાલિકા દ્વારા કેટલીવાર અને કઈ કઈ બાબતે દંડ વસુલવામાં આવ્યો છે ? દરેકની પ્રમાણિત નકલ આપવી. (૬) એ.બી.જી.શીપયાર્ડ મગદલ્લા પોર્ટ પાસે, ડુમ્મસ, રોડ, સુરત–૩૯૫૦૦૭ કંપની ઉપર છેલ્લા પાંચ વર્ષમાં સુરત મહાનગરપાલિકા દ્વારા કેટલીવાર અને કઈ કઈ બાબતે દંડ વસુલવામાં આવ્યો છે ? દરેકની પ્રમાણિત નકલ આપવી. (૭) એલ.એન્ડ.ટી. હજીરા રોડ, સુરત કંપની ઉપર છેલ્લા પાંચ વર્ષમાં સુરત મહાનગરપાલિકા દ્વારા કેટલીવાર અને કઈ કઈ બાબતે દંડ વસુલવામાં આવ્યો છે ? દરેકની પ્રમાણિત નકલ આપવી.(૮) ઉપર દર્શાવેલ તમામ સરનામાં અંગેની ફાઈલ આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ તપાસની ફી ભરપાઈ કરી તપાસણી કરવા અમને મંજુરી આપશોજી. અરજદારે મુદ્દા નં. (૧) થી (૭)માં માગવામાં આવેલ માહિતી બાબતે ડે.કમિ.અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી મુદ્દા નં. ૧ થી ૭ અંગેની માહિતી વેસ્ટઝોનના ઉપલબ્ધ રેકર્ડ પર જણાતી નથી તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર અઠવાઝોન તરફથી પત્ર નં. સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ/ આ.નં./૧૧૧૦ તા. ૫–૧–૧૨થી આરટીઆઈ એકટ હેઠળ માંગવામાં આવેલ સા.વે.ઝોન(અઠવા) વિભાગની માહિતી અન્વયે અરજીમાં જણાવેલ મુદ્દા નં. ૧ થી ૭માં જણાવેલ મિલ્કતો અંગે કોઈ દંડ વસુલ કરવામાં આવેલ ન હોવાનું ઉપલબ્ધ રેકર્ડ પરથી માલુમ પડે છે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે વીજીલન્સ વિભાગ દ્વારા અમારો જવાબ આપવામાં આવ્યો નથી તેવું જણાવી તા. ૯–૨–૧૨ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે પક્ષકાર જાહેર માહિતી અધિકારી અને અરજદાર તરફથી પૂરક વિગતો મંગાવવામાં આવેલ. જેમાં જાહેર માહિતી અધિકારી વીજીલન્સ તરફથી વી.આઈ.ડી/૨૨૬૬ તા. ૨૪–૨–૧૨થી મળેલી પૂરક વિગોતમાં અરજી તબદીલ કર્યાનું જણાવેલ છે. જયારે અરજદારે તેની પૂરક વિગતોમાં તા. ૩–૩–૧૨ના પૂરક પત્રમાં નારાજગીનું કારણ વીજીલન્સ દ્વારા જવાબ આપવામાં આવેલ નથી અને વીજીલન્સ દ્વારા કાર્યવાહી થયેલ છે તેની માહિતી માંગવામાં આવેલ છે આધાર શા માટે માંગવામાં આવ્યો ? તે સમજાતુ નથી, ચોપડે નોંધાયેલ માહિતી આપવી તેવું જણાવેલ છે. વીજીલન્સ વિભાગ દ્વારા માહિતી માટે અરજી તબદીલ કરેલ છે, પરંતુ અરજદારે મૂળ અરજીમાં માહિતીની વિગતમાં મહાનગરપાલિકા દ્વારા કે વીજીલન્સ કોર્ટ દ્વારા કઈ કંપની પર શું કાર્યવાહી કરવામાં આવી તેવી વિગતના સંદર્ભે ખાતાકીય, દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી અરજદારને પુરી પાડવાની રહે અને અન્ય માહિતી માટે લાગત ખાતાના જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવાની રહે. વીજીલન્સ વિભાગ દ્વારા અરજી તબદીલ કરવામાં આવેલ છે પરંતુ ખાતાની દફતરી ઉપલબ્ધ માહિતી અરજદારને પુરી પડાયેલ જણાતી નથી. તેમજ માહિતીના ઈન્કાર અંગે આરટઆઈ એકટની કલમ–૮ , ૯ કે ૧૧ હેઠળ અપવાદનું કાંઈ કારણ જણાવેલ નથી. આથી અરજદારને દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પુરી પાડવાની રહે.

અત્રે એ પણ સુચિત છે કે અરજદારે પ્રથમદર્શી રીતે હજીરા વિસ્તારની મનપાના કાર્ય વિસ્તાર વગરની નોટીફાઈડ એરીયા ધરાવતી કંપનીની કાર્યવાહીની વિગતો માંગેલ છે. અપીલ તબક્કે અરજદારને તે અંગે પૃચ્છા કરવા છતાં આ કંપની સુ.મ.ન.પા.ના કાર્ય વિસ્તારમાં છે તેવા આધાર રજૂ કરવામાં સફળ રહેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૯–૨–૧૨ ધ્યાને લેતાં ૯–૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૪–૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અ ત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા

૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસ પાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૧–૧૨–૧૧ની અરજીથી માંગવામાં આવેલી માહિતી વીજીલન્સ સ્કોર્ડ દ્વારા કઈ કંપની ઉપર શું કાર્યવાહી કરવામાં આવી તેની જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પુરી પડાયેલી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી જો કોઈ હોય તો આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭માં પૂરી પાડવા અન્યથા તદનુસાર દફતરી હકીકતથી અરજદારને અત્રેની જાણ હેઠળ અવગત કરવા વીજીલન્સ એન્ડ. ઈન્સ્પે. ઓફિસર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારીને જણવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

(૧) પ્રતિ, ડે.કમિશ્નર અને ત.જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન), કાર્યપાલક ઈજનેર અને ત. જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન), વિજીલન્સ એન્ડ. ઈન્સ્પે. ઓફિસર અને ત. જાહેર માહિતી અધિકારી(વિજીલન્સ વિભાગ) ... જાણ તથા અમલ માટે

(૨) શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા,